પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૮૯ | ૯ જુન, ૨૦૧૭, શુક્રવાર ; જયેષ્ઠ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સેનાએ ઘુસણખોરી કરતા ૩ ત્રાસવાદી ફૂંકી માર્યા

**હાઈએલર્ટ જાહેર : એકે ૪૭ સહિત હથિયારોનો જંગી જથ્થો જપ્ત કરાયો : એક પખવાડિયાની અંદર ઘુસણખોરીના ચાર પ્રયાસો**



નવી દિલ્હી,તા. ૮

ઉત્તર કાશ્મીરના કુંપવારા જિલ્લાના નૌગામ સેક્ટરમાં ઘુસણખોરીનો એક મોટો પ્રયાસ નિષ્ફળ બનાવી દેવામાં આવ્યો છે. ઓછામાં ઓછા ત્રણ ત્રાસવાદીઓને આજે મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. સામ સામે ગોળીબારની રમઝટમાં એક જવાન પણ શહીદ થયો હતો. આર્મી અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, નૌગામ સેક્ટરમાં અંકુશરેખા પર તૈનાત જવાનોએ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓની હિલચાલને નિહાળી હતી. આ ત્રાસવાદીઓ આજે સવારે અંકુશ રેખા મારફતે ભારતમાં ઘુસણખોરી કરવાના પ્રયાસમાં હતા. તેમણે કહ્યું હતું કે, સેનાએ તેમને શરણાગતિ સ્વીકારવા માટે કહ્યું હતુ પરંતુ આ લોકોએ ઓટોમેટિક હથિયારો મારફતે અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહીમાં ત્રણેય ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. એક જવાને પણ પ્રાણોની આહૂતિ આપી હતી. માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી એકે ૪૭ સહિત મોટી સંખ્યામાં વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આતંકવાદીઓની હિલચાલ અંગે માહિતી મળી ગયા બાદ મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા. હાલમાં કોમ્બિંગ ઓપરેશન ચાલી રહ્યું છે. છેલ્લા ૪૮ કલાકના ગાળામાં જ આતંકવાદીઓ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

## મધ્યપ્રદેશમાં પ્રવેશતા રાહુલ ગાંધીની અટકાયત

**રાહુલની સાથે સચિન પાયલોટ અને અન્ય આગેવાનો હતા પીડિતોને મળવાના પ્રયાસ કરવામાં આવ્યા પરંતુ પોલીસે અટકાવ્યા : મોદી સરકાર ઉપર રાહુલના તેજાબી પ્રહારો**



નિમચ, તા. ૮

ખેડૂતોના આંદોલન દરમિયાન મધ્યપ્રદેશના મંદસોરમાં પોલીસ ગોળીબારમાં માર્યા ગયેલા લોકોને મળવા માટે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પ્રયાસ કર્યા હતા. જો કે, રાહુલને પોલીસે નિમચમાં કસ્ટડીમાં લઈ લીધા હતા. રાહુલ ગાંધી આજે રાજસ્થાનમાં માર્ગ મારફતે મધ્યપ્રદેશમાં પ્રવેશી ગયા હતા. રાજસ્થાન કોંગ્રેસના અધ્યક્ષ સચિન પાયલોટે કહ્યું હતું કે, ખેડૂતોના પરિવાર અમારાથી માત્ર એક કિલોમીટર દૂર હતા. આ લોકો અમને મળવા ઈચ્છુક હતા પરંતુ અમને રોકી દેવામાં આવ્યા હતા. સચિન પાયલોટે કહ્યું હતું કે, અમે માત્ર પીડીત પરિવારો પ્રત્યે સંવેદના પ્રગટ કરવા માટે અને લોકોને શાંતિ જાળવવા માટે પહોંચ્યા હતા પરંતુ પોલીસ બળ પ્રયોગ કરી રહી હતી. ગાંધીએ પીડિત પરિવારોના સભ્યો સાથે ફોન

● અનુસંધાન પાન-૭ પર

# મંદસોરમાં તનાવપૂર્ણ સ્થિતિ યથાવત

**વિસ્ફોટક પરિસ્થિતિ વચ્ચે ડીએમ-એસપી દૂર કરાયા : અભૂતપૂર્વ સુરક્ષા છતાં ખેડૂત આંદોલન યથાવત : મંદસોર અને આસપાસના વિસ્તારોમાં વધારાના સુરક્ષા જવાનો તૈનાત કરી દેવાયા : શાંતિ જાળવવાની શિવરાજ અને રાજનાથસિંહની ખેડૂતોને અપીલ**



નવી દિલ્હી,તા. ૮

મધ્યપ્રદેશના મંદસોરમાં વિસ્ફોટક પરીસ્થિતિ વચ્ચે અંજપાભરી શાંતિ પ્રવર્તી રહી છે. મંદસોર અને આસપના વિસ્તારોમાં હિંસાના છુટાછવાયા બનાવો જારી રહ્યા છે. બીજી બાજુ મધ્યપ્રદેશ સરકાર ખેડૂત આંદોલનના બેકાબૂ થયા બાદફરી એકવાર એક્શનમાં આવી ગઈ છે. રાજ્ય સરકારે આજે મંદસોરના ડીએમ સ્વતંત્રકુમાર સિંહ અને એસબી ઓપી ત્રિપાઠીને દૂર કરી દીધા હતા. બીજા બાજુ રતલામ નિમચના ડીએમ પણ બદલી દેવામાં આવ્યા છે. ખેડૂત આંદોલનના કેન્દ્ર રહેલા મંદસોરમાં ઓમ પ્રકાશ શ્રીવાસ્તવને નવા ડીએમ બનાવવામાં

● અનુસંધાન પાન-૭ પર

# પેટ્રોલ-ડીઝલની કિંમત ૧૬મી જૂનથી દરરોજ બદલવા નિર્ણય

**પાંચ શહેર બાદ હવે દેશભરમાં નવી વ્યવસ્થા અમલી થશે : ફોરેન એક્સચેંજ રેટ અને વૈશ્વિક તેલ કિંમતના આધાર પર રોજ પેટ્રોલ-ડીઝલના ભાવ બદલાશે**

નવી દિલ્હી,તા. ૮

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સરકારી તેલ કંપનીઓ ૧૬મી જૂનથી દરરોજ ફેરફાર કરવા જઈ રહી છે. આ અગાઉ કંપનીઓએ આ યોજનાને પહેલી મેના દિવસથી દેશના પાંચ શહેરોમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે હાથ ધરી હતી. કંપનીના અધિકારીઓના કહેવા મુજબ સરકારી તેલ કંપનીઓ હવે પોતાના પેટ્રોલ પંપ ઉપર કિંમતો દર ૧૫ દિવસના બદલે દરરોજ બદલવાની તૈયારીમાં છે. તેલ કંપનીઓએ આ નિર્ણય પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન સાથે થયેલી વાતચીત બાદ લીધો હતો. આ બેઠકમાં તેઓએ કંપનીઓના ટોચના કારોબારીઓને વહેલીતકે સમગ્ર દેશમાં કિંમતોની નવી વ્યવસ્થા લાગૂ કરવા માટે સૂચના આપી હતી. આ અગાઉ દરરોજ કિંમતોમાં ફેરફારની યોજનાને ગયા મહિને પાંચ શહેરોમાં અમલી કરવામાં આવી હતી જેમાં પુડુચેરી, વિશાખાપટ્ટનમ, ઉદયપુર અને જમશેદપુર અને ચંદીગઢનો સમાવેશ થાય છે. પાયલોટ પ્રોજેક્ટ તરીકે આ વ્યવસ્થા અમલી કરવામાં આવી હતી. પાંચ શહેરો ઉપરાંત સમગ્ર દેશમાં વર્તમાન સમયમાં તેલ કંપનીઓ ડિઝલ અને પટ્રોલની કિંમતોની સમીક્ષા દર ૧૫ દિવસમાં કરે છે. આ કિંમતોની સમીક્ષા આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોના આધાર પર

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### પાણીની બોટલોથી બનાવાયુ બસ સ્ટેશન



બામ્બૂ હાઉસ ઈન્ડિયાએ હેદરાબાદની સ્વરૂપનગર કોલોનીમાં 'રિસાઈકલ ઈન્ડિયા' પહેલ હેઠળ વપરાઈ ગયેલી ૧૦૦૦ પ્લાસ્ટીકની બોટલનો ઉપયોગ કરી બસ સ્ટેશન તૈયાર કર્યું છે. માત્ર ૧૫ હજારમાં આ બસ સ્ટેન્ડ તૈયાર કરવામાં આવ્યું છે.

### સહારનપુર હિંસાના માસ્ટરમાઈન્ડની ધરપકડ

સહારનપુર હિંસાના માસ્ટર



માઈન્ડ ચંદ્રશેખર આઝાદ ઉર્ફે રાવણની ઉત્તરપ્રદેશ એટીએફની ટીમે ધરપકડ કરી લીધી છે. ભીમ આર્મીના સંસ્થાપક ચંદ્રશેખર હિંસા બાદ ફરાર હતો તેના પર ૧૨ હજારનું ઈનામ પણ મુકવામાં આવ્યું હતું.

### રવિન્દ્ર જાડેજાને પુત્રી રત્ન અવતર્યા

ભારતીય ટીમના



ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા માટે ખુશીના સમાચાર આવ્યા છે. રવિન્દ્ર જાડેજાની પત્નિ રીવાબાએ રાજકોટમાં બાળકીને જન્મ આપ્યો છે. જો કે રવિન્દ્ર જાડેજા હાલમાં ઈંગ્લેન્ડમાં ચેમ્પિયન્સ ટ્રોફી રમવા ગયો છે.

